# શ્રીમદ્ભગવદ્ગીતાના મહત્ત્વપૂર્ણ જીવન પાઠ

ટોનિકા સુરેશભાઈ ગરાસિયા
રીસર્ચ સ્કોલર (સંસ્કૃત વિભાગ)
મોનાર્ક યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. રમેશભાઈ પટેલ
માર્ગદર્શક
મોનાર્ક યુનિવર્સિટી, અમદાવાદ

**સારાંશ :**
*વિશ્વમાં તમામ ગ્રંથોમાં શ્રીમદ્ભગવદ્ગીતાને સૌથી મહત્વપૂર્ણ ગ્રંથ માનવમાં આવે છે કારણ કે તેમાં મનુષ્ય જીવનનો સાર છે અને તે મહાભારત કાળથી દ્વાપર સુધીના કૃષ્ણની તમામ લીલાઓનું વર્ણન કરે છે. આ ગ્રંથની રચના મહર્ષિ વેદવ્યાસે કરી હતી. શ્રીમદ્ભગવદ્ગીતા એ અર્જુન અને ભગવાન શ્રીકૃષ્ણ વચ્ચે નો સંવાદ પર આધારિત પુસ્તક છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ વગેરેની સુંદર ચર્ચા કરવામાં આવી છે. ભગવદ્ગીતા માનવક્રિયાઓના મહત્વ વિશેની સમજ આપે છે. ભગવદ્ગીતામાં ૧૮ અધ્યાય છે જેમાં મનુષ્ય જીવન સાથે જોડાયેલ તમામ પ્રશ્નોના જવાબ મળે છે તથા મનુષ્ય જીવન સાથે જોડાયેલી તમામ સમષ્યાનો ઉકેલ મળી શકે છે.*

**સૂચક શબ્દો:** *શ્રીમદ્ભગવદ્ગીતા, ભગવાન કૃષ્ણ, જ્ઞાન, કર્મ, ભક્તિ, મનુષ્ય જીવન સમસ્યાનો ઉકેલ*

## ૧. પ્રસ્તાવના

શ્રીમદ્ભગવદ્ગીતા એ ભગવાન કૃષ્ણ દ્વારા રણભૂમિમાં અર્જુનને ઉપદેશ આપવામાં આવ્યો હતો. ગીતાનો ઉપદેશ આપણને ધર્મના માર્ગ પર ચાલતા રહીને સારા કર્મો કરવાની શિક્ષા આપે છે. ભગવાન કૃષ્ણ એ ગીતામાં કહ્યું છે કે મનુષ્યને તેમના દ્વારા કરવામાં આવેલા કર્મોના અનુસાર જ ફળની પ્રાપ્તિ થાય છે એટલા માટે મનુષ્યએ હંમેશા સત્કર્મ કરતાં રહેવું જોઈયે. ગીતામાં જણાવવામાં આવેલી આ બધી વાતોને બધા વ્યાકત્તિએ તેમના જીવનમાં અપનાવવી જોઈએ.

## ૨. શોધપરિધિ

**गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।**
**या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता।।**[1]

શ્રીમદ્ભગવદ્ગીતાના સારને સમજવાથી મનુષ્ય જીવોને જીવન જીવવાની પ્રેરણા મળી શકે છે. શ્રીમદ્ભગવદ્ગીતાએ પ્રવચન છે કે જે કુરુક્ષેત્ર યુદ્ધની શરૂઆત થતાં પહેલાં ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચે થાય છે. ભગવાન કૃષ્ણના ઉપદેશોએ અર્જુનના જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ અને તેના જીવનના માર્ગને બદલવામાં સહાયતા કરી હતી. શ્રીમદ્ભગવદ્ગીતા ઘણી સદીઓ જૂની છે, તેના દરેકે માર્ગદર્શક સિદ્ધાંતોને સમજવાથી આપણને રોજિંદૂ જીવન કેવી રીતે અને શા માટે છે તેની ઊંડાણ પૂર્વકની સમજ મેળવવામાં મનુષ્ય જીવને સહાયતા મળી શકે છે. તેથી શ્રીમદ્ભગવદ્ગીતાને વાચવાના ઘણા ફાયદા છે.

1 श्रीमद्भगवद्गीता माहात्म्यम ४

આપણે બાળકોને પણ શ્રીમદ્ભગવદ્ગીતાના મહત્વથી વાકેફ કરાવવા જોઈએ. કારણ કે તેઓ સ્વતપાસની ટેવને પ્રોત્સાહિત કરી શકે છે અને તેમનાં જીવનમાં વ્યાવહારિક અભિગમ અપનાવવા તરફ માર્ગદર્શન આપી શકે છે.

**गीता अध्ययन शीलस्य प्राणायाम परस्य च ।**

**नैव सन्ति ही पापानी पूर्व जन्म कर्तानी च ||** [2]

શ્રીમદ્ભગવદ્ગીતા આપણને આપણી સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાનો પરિચય કરાવે છે. ગીતાના શ્લોકોનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરવાથી જીવનની સમસ્યાઓમાથી બહાર નીકળવામાં મદદ મળે છે. ગીતાને વાંચવાથી આપણને જીવન વિશેના સત્યનો પરિચય થાય છે અને અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓથી મુક્તિ મેળવવામાં મદદ મળે છે. ગીતામાંથી મળેલું જ્ઞાન આપણી શંકાઓને દૂર કરી આપણો આત્મવિશ્વાસ વધારે છે. ગીતાના ઉપદેશોથી આપણને જીવન જીવવાનો એક અલગ દૃષ્ટિકોણ મળે છે. શ્રીમદ્ભગવદ્ગીતાના શ્લોક મનુષ્ય જીવનને મનુષ્ય તરીકેની ફરજો વિષે અવગત કરે છે. ગીતાને જીવનમાં અપનાવવાથી મનુષ્યને આત્મનિયંત્રણનું મહત્વ સમજવામાં અને તેનો અભ્યાસ જીવનમાં કેવી રીતે કરવો તે સમજવામાં સહાયતા મળે છે.

**तस्मादसक्त: सततं कार्यं कर्म समाचर |**

**असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुष: ||**[3]

શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આપવામાં આવેલા ઉપદેશો આપણે જીવનમાં કેવી રીતે નિષ્કામ કર્મ કરવું કે ઈચ્છા વિના ક્રિયા કરવી તે કહે છે. શ્રીમદ્ભગવદ્ગીતાને વાંચીને આપણે ભૌતિકવાદ અને ખરાબગુણોથી કેવી રીતે દૂર રહેવાનું છે તે શીખવે છે. શ્રીમદ્ભગવદ્ગીતાને જીવનમાં અપનાવવાથી આપણને જીવનનો અલગ જ દૃષ્ટિકોણ મળે છે.

**कार्पण्यदोषोपहतस्वभाव:**

**पृच्छामि त्वां धर्मसम्मूढचेता: |**

**यच्छ्रेय: स्यान्निश्चितं ब्रूहि तन्मे**

**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ||** [4]

જ્યારે કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ શરૂ થવાનું હતું તે પહેલા જ અર્જુનને મૂંઝવણ અને હતાશા અનુભવી તેને તેમનાં પિતરાઈ ભાઈઓ સાથે યુદ્ધ કરવાનો ઈનકાર કર્યો કેમકે અર્જુને યુદ્ધના પરિણામની કલ્પના કરવામાં નિષ્ફળ ગયો. આપણે શું કરવું જોઈએ? આપણે તે કાર્ય શા માટે કરવું જોઈએ? આ બધી વસ્તુઓની યોજના ઓમાં આપણી ભૂમિકા અને આપણાં વલણને કેવી રીતે આકાર આપે છે તેને સમજવામાં શ્રીમદ્ભગવદ્ગીતા એ યોગ્ય મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે બાળકોને પરિપ્રેક્ષ્ય શીખવવામાં મળી શકે છે. અનુભવોના આધારે ચોક્કસ રીતે વિચારવાનું શીખી ધીરે ધીરે આપણે માનવા માંડીએ છીએ કે ફક્ત આપણી વિચારેલી માન્યતાઓ જ સાચી છે, અને જે આપણાથી અલગ છે તે ખોટી જ છે. આથી આપણે બાળકોને એ શીખવવામાં મદદ કરી શકીએ કે અન્ય વ્યક્તિઓની

2 श्रीमद्भगवद्गीतामाहात्म्यम २

3 श्रीमद्भगवद्गीता (३.१९ ) गीतप्रेस गोरखपुर, पृ.२०३

4 श्रीमद्भगवद्गीता ( २. ७ ) गीतप्रेस गोरखपुर, पृ.७२

લાગણીઓને પણ સમજવી જરૂરી છે, પરંતુ તેમનાં મંતવ્યોની સાથે સહમત થવું જ એવું ફરજિયાત નથી. આમ બાળકોને અન્યો વ્યક્તિઓના દૃષ્ટિકોણથી પરિષ્થિતિઓને જોવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

**मयाध्यक्षेण प्रकृति: सूयते सचराचरम् |**
**हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ||5**

શ્રીમદ્ભગવદ્ગીતા સમજાવે છે કે પરીવર્તન એ કુદરતનો નિયમ છે. અર્થાત શ્રીમદ્ભગવદ્ગીતા પ્રમાણે બધુ એક ની એક સ્થિતિ કાયમ રહેવાની નથી, બધુ બદલવું પડશે. આપણું શરીર, લાગણીઓ અને ધારણાઓ તેમજ મનુષ્યને જીવનમાં સફળ થવા માટે નવી પરિસ્થિતિમાં અનુકૂલન કરવાની, નવીનતા લાવવાની અને વધુ સારા ઉકેલો સાથે જીવન જીવવાની અને નવી તકોનું અન્વેષણ કરવાની જરૂર છે. તેથી જ્યારે આપણે પરિચિત વાતાવરણમાં રહેવાનો અનુભવ માણીએ છીએ ત્યારે નાના જોખમો લેવા અને નવા અનુભવોનો લાભ મેળવવા માટે આપણે તૈયાર રહેવું એમ શ્રીમદ્ભગવદ્ગીતા શીખવે છે.

**बुद्धिर्ज्ञानमसम्मोह: क्षमा सत्यं दम: शम: |**
**सुखं दु:खं भवोऽभावो भयं चाभयमेव च || 6**
**अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयश: |**
**भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधा: ||7**

શ્રીમદ્ભગવદ્ગીતા સહનશીલતા અને ક્ષમાનો અભ્યાસ કરાવે છે. સહનશીલતા એ આપણને જીવનની મુશ્કેલીનો સહજતાથી સામનો કરવાનું અને જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા ઉશ્કેરવામાં આવે ત્યારે પણ બળનો ઉપયોગ કરવાનું ટાળવાનું શ્રીમદ્ભગવદ્ગીતા શીખવે છે. ક્ષમા કરવું એ આપણને અન્યો ને માફ કરવામાં અને દુશ્મનાવટની લાગણી ઓને દૂર કરવામાં મદદ કરે છે. આ બંને ગુણો એ મનુષ્યને સંબંધો જાળવવા, સહાનુભૂતિ અને પ્રેમની લાગણી વિકસાવવા માટે નિર્ણાયક બને છે. શાંતમન આપણને આપણાં આવેગોને નિયંત્રિત કરવામાં મદદ કરશે, શાંતમન એ સારા અને ખરાબ બંને સમય દરમ્યાન અસ્વસ્થ અને આશાવાદી રહેવામાં અને તણાવને નિયંત્રણમાં રાખવામાં મદદ કરશે. આ સંસારમાં પરિવર્તન અનિવાર્ય છે તે જ્ઞાન આપણને શાંત રહેવા માટેની મદદ કરવામાં શ્રીમદ્ભગવદ્ગીતા એ મોટી ભૂમિકા ભજવે છે.

**अयं निजः परो वेति गणना लघु चेतसाम् |**
**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् |8**

શ્રીમદ્ભગવદ્ગીતા શીખવે છે કે વસૂધૈવ કુટુંબકમ (વિશ્વ એ એક કુટુંબ છે.) મનુષ્ય જીવ એ મોટા ભાગના કામ પોતાના ફાયદા માટે જ કરતો હોય છે. મનુષ્યને માત્ર ને માત્ર તેના ભાગ્યની જ ચિંતા હોય છે. આ સ્વાર્થની માનસિકતા એ મનુષ્યને તેની આસપાસના લોકોથી અલગ પાડે છે. જ્યારે શ્રીમદ્ભગવદ્ગીતા દ્વારા મનુષ્યને એ સમજવામાં મદદ કરે છે કે આ સમગ્ર વિશ્વએ એક કુટુંબ છે. મનુષ્યની ક્રિયાઓ એવી હોવી જોઈએ કે વિશ્વને વધુ સારું બનાવવામાં

5 श्रीमद्भगवद्गीता ( ९.१० ) गीताप्रेस गोरखपुर, पृ.६४०
6 श्रीमद्भगवद्गीता ( १०.४ ) गीतप्रेस गोरखपुर, पृ.६९८
7 श्रीमद्भगवद्गीता ( १०.५ ) गीतप्रेस गोरखपुर, पृ.६९८
8 महोपनिषद ( ६.७१ ) पृ.१३८

એકબીજાના સહભાગી થાય અને આસપાસના લોકો સાથે બંધનમાં સહાયતા કરે. શ્રીમદ્ભગવદ્ગીતામાં જણાવ્યું છે કે જેવી રીતે દિવસ રાતમાં ફેરવાય છે અને ફરી દિવસ થાય છે. શ્રીમદ્ભગવદ્ગીતા હકીકત ને શ્રેષ્ઠ રીતે સમજાવે છે કે આ દુનિયામાં સફળતા અને નિષ્ફળતા સહિત કઈ પણ કાયમી નથી.

**अधियज्ञ: कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन |**

**प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभि: ||**[9]

મહાત્મા ગાંધીજી પણ આ શ્રીમદ્ભગવદ્ગીતાને વાંચતાં અને આવા પવિત્ર ગ્રંથમાથી પ્રેરણા લેતા. આ ઉપરાંત વિશ્વમાં ઘણાં મહાન વ્યક્તિઓ જ નહી પરંતુ વિવિધ ધર્મો અને વિવિધ સંસ્કૃતિઓના વ્યક્તિઓ પણ શ્રીમદ્ભગવદ્ગીતાને જીવન જીવવા માટેના એક સાચાં માર્ગદર્શક તરીકે માને છે.

### ૩. સમાપન

આમ, શ્રીમદ્ભગવદ્ગીતા એ સમગ્ર સૃષ્ટિના માનવજીવોના કલ્યાણ માટે શ્રેષ્ઠ માર્ગદર્શિકા છે. જીવનની દરેક સમસ્યાનું સમાધાન ભગવદ્ગીતાના સમગ્ર શ્લોક માથી જ મળી જાય છે. ભગવદ્ગીતા મનુષ્યજીવનનો ઉદ્દેશ સમજાવે છે, સંસારમાં જીવન જીવવાની કલા શીખવાડે છે. ભગવદ્ગીતા દ્વારા મનુષ્ય સાચા માર્ગે વળી પરમાત્માની પ્રાપ્તિ કરે અને મનુષ્ય જીવનને સફળ કરે.

### સંદર્ભ સૂચિ

૧. શ્રીમદ્ભગવદ્ગીતામહાત્મ્યમ – ગીતાપ્રેસ ગોરખપુર, હિન્દી ટીકા
૨. શ્રીમદ્ભગવદ્ગીતા – ગીતાપ્રેસ ગોરખપુર, હિન્દી ટીકા
૩. ત્યાગી, મનીષ 'મહોપનિષદ' શ્રી હિન્દુધર્મ વૈદિક એજ્યુકેશન ફાઉન્ડેશન

9 श्रीमद्भगवद्गीता ( ८. २ ) गीताप्रेस गोरखपुर, पृ.५७९